શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સંચાલિત


RNI NO. 6304 / 62

# પંચોલી નવયુગ



ડીસેમ્બર - ૨૦૧૩
અંક - ૧૨
વર્ષ : ૫૨
સળંગઅંક : ૪૦૩
માસિક કિંમત - ૧૦/-
વાર્ષિક લવાજમ - ૧૦૦/-

તંત્રી : દિનેશકુમાર મોહનલાલ મિસ્ત્રી
સહતંત્રી : ભાવના મલયકુમાર મિસ્ત્રી



## Winter Blessing

*Pretty little snowflakes*
*Falling to the ground:*
*Here is one, there is one,*
*Everywhere they're found*
*See them fall so gently*
*Through the frosty air,*
*Every little snowflake*
*Has its beauties rare.*
*Soon the ground is covered*
*With the pretty snow,*
*Then we see the snowbirds*
*Flying to and fro.*
*Happy little creaturer-*
*Do not reap or sow,*
*Yet the Master Feeds them,*
*Even i*

*Manya Manish Pancholi-Bharuch*

## સેવા કરીએ.....

ખંખેરી લઈએ ખુમારીને, કદી ખુશામત નવ કરીએ..
વશમાં રાખીએ ક્રોધને, કળથી કામ કરી લઈએ...
છેલબટાઉ નવ બનીએ, છેતરપીંડી નવ કરીએ..
ઘેરાઈએ ના ઘમંડથી ઘરડાં, જનની સેવા કરીએ..
ટાપટીપ તો નવ કરીએ, દોષ કોઈના નવ જોઈએ
ઈર્ષા ભાવ ના કેળવીએ, ઠાવકાયથી સદા રહીએ
મનની ડગમગતા ટાળીએ, મકકમ ડગલે આગળ વધીએ
ડરીએ કેવળ ઈશ્વરથી, નિડર બની સદા ફરીએ...
ધર્મનિષ્ઠ સદા રહીએ, ધતિંગ કદી નવ કરીએ.
દિલથી દિલાવર રહીએ, દિન દુઃખીયાની સેવા કરીએ..
નિંદાનુ તો નામ ન લઈએ, નિતી પરાયણ સદા રહીએ..
પર દુઃખે મન પીગળાવી, પરમાર્થી સદા રહીએ
ભૂખ ભાંગીએ, ક્ષુધાતુરની, કદી ફુલાઈ ના જઈએ..
મફતયુ કદી નવ લઈએ, એવો આજે સંકલ્પ લઈએ...

નટુભાઈ - જબુગામ

## તે સગા આપણાં...

ટાણે તારું કડવું બોલે, તે સગા આપણાં
પછી લોકને દેખાડવા રડે, તે સગા આપણાં
તારી પ્રગતિ દેખી જેના હૈયા સદા પ્રજળ્યા કરે
વગર અગ્નિએ જે જલ્યા કરે, તે સગા આપણાં
તારી પડતી કરવા સદા દિનરાત એક કરે
પછી તારી પડતી દેખી હસ્યા કરે, તે સગા આપણાં
તને મુશ્કેલીમાં મુકવા લાખ એ કોશિષ કરે
પછી ન કરવાના કામ કરે, તે સગા આપણાં
દોસ્ત પણ દોસ્તી કરી તારી પીઠે ઘાવ કરે
મીઠી દોસ્તીનો દેખાડો કરે, તે સગા આપણાં
તારા મૃત્યુ પર 'અધીર' ખોટા દુઃખડા રડે
પછી સ્મશાનેથી હસતા હસતા પાછા ફરે, તે સગા આપણાં..

અમૃત સી. પંચોલી-અધીર (અંધેરી)

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સંચાલિત
ડીસેમ્બર-૨૦૧૩

# પંચોલી નવયુગ

**પ્રકાશનનું સ્થળ**
ડી-૩૦૨, શુભમ રેસીડન્સી, મેધા ઓટોમોબાઈલ્સ સામે, રાજકમલ આર્કેડ પાછળ, જી.આઈ.ડી.સી. અંકલેશ્વર-૨

**પ્રકાશન સામયિકતા** : માસિક
પ્રકાશક તંત્રીનુંનામ : શ્રી દિનેશભાઈ એમ. મિસ્ત્રી
મુદ્રકનુંનામ : શ્રી દિનેશભાઈ એમ. મિસ્ત્રી
મુદ્રકનુંસરનામું : અક્ષર પ્રિન્ટર્સ, ૨,૩, અજીત એસ્ટેટ, જુની દેનાબેંક પાછળ, જી.આઈ.ડી.સી. અંકલેશ્વર-૨
માલિકી ધરાવનાર : શ્રી પંચોલી સેવા સમાજ, મહામંડળ. બી-૨૫, બ્રીજનગર, અંકલેશ્વર

હું દિનેશભાઈ એમ. મિસ્ત્રી આથી જાહેર કરું છું કે ઉપર જણાવેલ માહિતી મારી જાણ મુજબ સાચી છે......

## પંચોલી નવયુગ જાહેરાતના નવા દર

| | |
|---|---|
| મલ્ટીકલર પેજ (ગ્લેઝ પેપર) | ₹ ૬,૦૦૦/- |
| નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર સિંગલ કલર) | ₹ ૨૦૦૦/- |
| દિપોત્સવી નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર સિંગલ કલર) | ₹ ૨૫૦૦/- |
| કલર પેજ ફક્ત દિપોત્સવીઅંક (એક ફોટો ફ્રી) | ₹ ૧,૫૦૦/- |
| સાદુ પેજ (એક ફોટો ફ્રી) | ₹ ૧,૨૦૦/- |
| અડધુ પેજ | ₹ ૬૦૦/- |
| અડધુ પેજ એક ફોટા સાથે | ₹ ૬૫૦/- |
| પા પેજ | ₹ ૩૦૦/- |
| પા પેજ એક ફોટા સાથે | ₹ ૩૫૦/- |

(પા પેજ અને અડધા પેજમાં એક થી વધુ ફોટાના ફોટા દીઠ ૫૦ રૂા. વધારે આપવાના રહેશે.)

**નવયુગ શુભેચ્છક** ₹ ૧૫,૫૫૫/-
(પ્રથમ વર્ષે એક પેજ પર અને ત્યારબાદ ૨૦ વર્ષ સુધી દર વર્ષે દાતાઓનો ફોટો તથા મેટર અડધા પેજ પર છાપવામાં આવશે.)

**નવયુગ શુભચિંતક** ₹ ૨,૫૨૫/-
(દર માસે ક્રમ મુજબ પાનાની નીચે નામ આવશે. અથવા દિપોત્સવી અંકમાં એક વખત ફોટો છપાશે (ફોટો છપાશે તો નામ આવશે નહિં.)

## પંચોલી નવયુગ લવાજમના દર

**માસિક કિંમત - ૧૦/-**
**વાર્ષિક લવાજમ - ૧૦૦/-**

# તંત્રીશ્રીની કલમે......

સુજ્ઞ જ્ઞાતિજનો,

કુશળ હશો.

દિપોત્સવી અંક-૨૦૧૩નો દળદાર અંકની સફળતા આપ સૌના નવયુગ પ્રત્યેની લાગણી પ્રદર્શિત કરી ગઈ. જેટલો અંક દળદાર એટલી તમારી લાગણી પણ દળદાર ખરૂ ને ?.....દશેરા સુધી તો ટેનશન જ હતું આ વર્ષે શું થશે ?....અને મનમાં એક લગન પણ ખરી કે દિપોત્સવી અંક તો દર વર્ષ કરતા સવાયો હોવો જોઈએ. અને જેમ આ વર્ષે વરસાદ ખૂબ વરસ્યો એમ જ્ઞાતિજનો પણ હરખભેર વરસી પડયા.....અને મે તો ખોબો માગ્યોને દઈ દીધો દરીયો......ખૂબ ખૂબ આભાર. જેટલો આભાર માનું એટલો ઓછો છે.... આવો ને આવો પ્રેમ સદા વહાવતા રહેશો......

રહી વાત પોસ્ટીંગની જયાં દર મહિને હેન્ડ ડીલીવરી કરે છે એવા એકમોમાં જાતે જઈ નવયુગ પહોંચાડયા...અને જયાં પોષ્ટમાં જાય છે ત્યાં કુરીયર કે પોસ્ટ દ્વારા નવયુગ મોકલ્યા છે... જેટલું વજન વધુ એટલો પોસ્ટીંગ ચાર્જ પણ વધુ જ લાગે ને ? આ વર્ષે એ ચાર્જ પણ નવયુગને થોડો વધારે લાગ્યો... તો દરેક એકમોને વિનંતી કે નવયુગ જ્ઞાતિજનોને વિના મૂલ્યે મળે છે પણ આ પોસ્ટીંગ માટેનું વિચારવું રહ્યું...એ માટે દરેક એકમે નવયુગને મદદ કરવી જ રહી....મને આશા છે આપ સર્વે નિરાશ તો નહીં જ કરો....

વિશેષમાં દિપોત્સવી અંકમાં રહેલ ભૂલો બદલ દરગુજર કરશો....કારણ કે સમય મર્યાદા બાદ આવેલ જાહેરાતો, લેબર પ્રોબ્લેમને લઈ ભૂલ થઈ છે અથવા જાહેરાત છાપવાની રહી ગઈ હોય બની શકે....આપની ઉદારતાની આશ સહ..... સોરી....

નવસારીના શ્રીમતિ રમીલાબેન બકુલભાઈ મિસ્ત્રી રાજકોટ ખાતે યોજાયેલ સ્વીમીંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા દ્વારા દશમી નેશનલ ઓકવાર્ટીક સ્વિમીંગ સ્પર્ધામાં ભાગ લઈ ૧૦૦ મીટર ફ્રી સ્ટાઈલ અને ૧૦૦ મીટર બટરફલાઈ સ્પર્ધામાં ત્રીજો ક્રમ મેળવી બૉન્ઝ મેડલ મેળવી ઈન્ટરનેશનલ માસ્ટર સ્વિમીંગ સ્પર્ધામાં કેનેડા જવા માટે પસંદગી પામી સમગ્ર પંચોલી સમાજને ગૌરવ અપાવ્યું છે.. સ્વીમીંગ ક્ષેત્રે સિદ્ધિ મેળવનાર કદાચ એ આપણી જ્ઞાતિમાં પ્રથમ મહિલા હશે... આ સિદ્ધિથી એમનું કુટુંબ, ગામ અને સમગ્ર પંચોલી સમાજ ગૌરવની લાગણી અનુભવે છે.. અને પ્રગતિ માટે હાર્દિક શુભેચ્છાઓ પણ ખરી જ...

અંકલેશ્વર ખાતે તા. ૫ જાન્યુઆરી-૨૦૧૪ના રોજ ખેલ મહાકુંભ તથા આકાક્ષા-II ના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે... આ કાર્યક્રમને સફળ બનાવવા સર્વે જ્ઞાતિજનોને તન-મન અને ધનથી સાથ સહકાર આપવા નમ્ર અપીલ છે.. તથા ૧૫ વર્ષથી ૪૦ વર્ષના યુવક-યુવતિઓને પણ વિનંતી કે રમતગમત અને આકાક્ષાંના ટેલેન્ટ સભર પોગ્રામમાં ભાગ લઇ આપનું ટેલેન્ટ પ્રદર્શિત કરવાનું ચુકશો નહી. જીવનમાં આવી તકો ભાગ્યેજ મળતી હોય છે. શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળની સુવર્ણ જયંતિ પ્રસંગે મહામંડળના માજી હોદ્દેદારોનું સન્માન કરવાનું પણ આયોજન કરવામાં આવે છે. આવા વિવિધ પ્રોગ્રામો સાથેના આ પ્રસંગને દિપાવવા આપનો સહકાર આપશો એજ અપેક્ષા...સહ

દિનેશભાઇ એમ. મિસ્ત્રી
તંત્રી - પંચોલી નવયુગ

# ધાર્મિક પ્રવાસ

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ આયોજિત વિધવા-નિરાધાર બહેનો અને ભાઈઓ જે શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ અને વિધવા સહાય યુ.કે દ્વારા સહાય મેળવે છે તેઓશ્રીને માટે ધાર્મિક પ્રવાસ વિના મુલ્યે તા.૦૯-૦૨-૨૦૧૪ થી તા.૧૧-૦૨-૨૦૧૪ દિન-૩ રાત્રી-૨ નાં સમય દરમ્યાન અક્ષરધામ-ગાંધીનગર, મહુડી,અંબાજી, ખેડબ્રહ્મા તથા ડાકોર નાં પ્રવાસનું આયોજન કરવામાં આવેલ છે. આ પ્રવાસમાં પધારવા હાર્દિક આમંત્રણ છે.

જે વિધવા અને નિરાધાર ભાઇઓ આ પ્રવાસમાં આવવા માંગતા હોય તેઓશ્રી એ પોતાના નામો પોતાના એકમના પ્રમુખશ્રી/મંત્રીશ્રી ને તા.૧૫-૧૨-૨૦૧૩ સુધીમાં નોંધાવવા વિનંતી છે. પ્રમુખશ્રી/મંત્રીશ્રીઓ એ પ્રવાસમાં જોડાવવા માંગતા ભાઇ-બહેનોના નામો આઇ.ડી પ્રુફ તથા મોબાઇલ નંબર/નજીકના સગા સંબંધીનો મોબાઇલ નંબર સહિતની સંપૂર્ણ વિગતો સાથેની માહિતી મહામંત્રી શ્રી ચંદ્રકાંતભાઇ જે.પંચોલી મો.નં. ૯૪૨૮૭ ૨૧૫૯૭ અથવા ૦૨૬૪૦-૨૧૦૭૮૭ને નોંધાવવા વિનંતી છે. જેથી પ્રવાસ દરમ્યાન રહેવાની તથા બસની વ્યવસ્થા કરી શકાય.

- ❖ પ્રવાસ સગવડ/અગવડને આધિન રહેશે.
- ❖ પ્રવાસ સંજોગોવસાત ફેરફારને આધિન રહેશે.
- ❖ પ્રવાસ દરમ્યાન આયોજકોને સંપૂર્ણ સહકાર આપવાનો રહેશે.

**નોંધ :** સમય મર્યાદા બાદ કોઇપણ નામ નોંધવામાં આવશે નહી.

આ પ્રવાસનાં આયોજન માટે યુ.કે.નાં આપણા કેટલાક પંચોલી ભાઈઓનો સહયોગ પ્રાપ્ત થયેલ છે.

મનીષભાઇ એમ. પંચોલી — પ્રમુખ
ચંદ્રકાંતભાઇ જે. પંચોલી — મહામંત્રી
શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ

## આપણું ગૌરવ

મુંબઇ નિવાસી નિતીનભાઇ જીતેન્દ્રભાઇના સુપુત્ર ચિ. ગૌતમકુમાર SMAACH ઇન્સ્ટીટયુટના સૌજન્યથી મુંબઇમાં યોજાયેલ ક્રિકેટ મેચ સ્પર્ધામા કુલ ૧૨૮ પ્લેયરોના ૮ રાઉન્ડમાંથી બીજા રાઉન્ડ સુધી પહોંચવા બદલ માસ્ટર બ્લાસ્ટર સચીન તેંડુલકર તરફથી તેમના હસ્તાક્ષર લીખીત એક ફુલ સાઇઝ ક્રિકેટ બેટ, એક મીનીએચર બેટ ટ્રોફી તથા ૨૪ રંગીન ફોટાઓથી સજ્જએક મોટી સાઇઝની કલોઝ ફોટો ફ્રેમ ઇનામમાં એનાયત કરવામાં આવ્યા. ઉપરોકત સિદ્ધિ બદલ ગૌતમકુમારને ખૂબ ખૂબ અભિનંદન....

## સુવિચાર

જીભ ચલાવવામાં કદી ઉતાવળા ન થાવું. જાણીએ એટલું બોલીએ નહીં. વગર વિચાર્યા શબ્દો ભારે હાની કરે છે. બહુ બોલે તે બહુ દોષમાં પડે. જીભ ઉપર કાબુ રાખવો એ માણસના ચારિત્ર્યનું ઉત્તમ લક્ષણ છે. જીભ ઉપર કાબુ રાખનાર ઘણાં પાપ માથી ઉગરી જાય છે......

કનૈયાલાલ આર. પંચોલી-બરકાલ

નવયુગ શુભચિંતક શ્રી જીતેન્દ્ર નગીનભાઇ મિસ્ત્રી મુંબઈ શ્રી કમલનયન નરોત્તમદાસ મિસ્ત્રી મુંબઈ

# પ્રમુખ નોંધ......

વ્હાલા જ્ઞાતિજનો,

દિવાળીના તહેવારો અને વેકેશન ની મઝા માણી સૌ પોતાનાં કાર્યોમાં જોડાયા હશો. પંચોલી નવયુગનાં દિપોત્સવી અંકમાં આપ સૌ મિત્રો એ જાહેરાત આપી નવયુગનું ઋણ ચુકવ્યુ છે જે બદલ હું આપ સૌ મિત્રોને અભિનંદન આપી આભાર વ્યકત કરૂ છું. નવયુગ એ સમાજનું દર્પણ છે. નવયુગ થકી આપણે આપણા દરેક એકમો સમાચારો, સિધ્ધીઓ વિગેરે ઘર બેઠા જાણી શકીએ છે. ભવિષ્યમાં પણ આનાં કરતાં વધુ સાથ-સહકાર મળશે એવી આશા રાખુ છું. દિપોત્સવી અંક સુંદર રીતે પ્રસિધ્ધ કરવા બદલ તંત્રીશ્રી દિનેશભાઇને પણ અભિનંદન આપુ છું.

શ્રી પંચોલી સેવા સમાજ-મુંબઇ ધ્વારા શ્રી દિપોત્સવી મહોત્સવ-૨૦૧૩ ની ઉજવણી તા. ૧૦-૧૧-૨૦૧૩ નાં રોજ કરવામાં આવી હતી મુંબઇ એકમ તરફથી મને આમંત્રણ મળ્યુ હતું, પરંતુ હું ફેમીલી સાથે પ્રવાસમાં હોવાથી મારાથી હાજર રહી શકાયુ નહતું. અતિ સુંદર કાર્યક્રમ ન માણી શકવા બદલ મને ખેદ છે. મુંબઇ એકમનાં મિત્રો ધ્વારા સુંદર કાર્યક્રમ કર્યો, એ બદલ હું ડો. ભુપેન્દ્રભાઇ અને એમની ટીમને અભિનંદન પાઠવુ છું. મેગા સીટી મુંબઇ એકમનાં પોતાનાં કાર્યોમાં અતિ વ્યસ્ત સભ્યશ્રીઓ પણ જો ભેગા થઇ વર્ષમાં બે-ત્રણ કાર્યક્રમો અતિ સુંદર રીતે કરે છે તો બીજા એકમો પણ પોતાના એકમોમાં વર્ષમાં બે કાર્યક્રમોનું આયોજન કરે એવી વિનંતી કરૂ છું.

શ્રી પંચોલી સેવા સમાજ અંકલેશ્વરના ૨૫ વર્ષ પૂર્ણ થઇ રહયા હોય તે સીલ્વર જયુબીલી મહોત્સવની ઉજવણી કરી રહ્યા છે. હું અંકલેશ્વર એકમનાં માજી હોદ્દેદારો તથા હાલનાં હોદ્દેદારો, પાયાનાં કાર્યકરો તથા એકમનાં દરેક સભ્યોને અભિનંદન પાઠવું છું. આ સીલ્વર જયુબીલી મહોત્સવની સાથે શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ આયોજિત તા. ૦૫-૦૧-૨૦૧૪નાં રોજ ખેલ મહાકુંભ, આકાંક્ષા-૨, સ્વયં યુવા સંગઠનનો શુભારંભ, ગોલ્ડન જયુબીલી સન્માન સમારંભનું આયોજન કરવામાં આવેલ છે. દરેક એકમનાં મિત્રોને વિનંતી કરુ છું કે તા. ૧૫-૧૨-૨૦૧૩ સુધીમાં પોતાની રજીસ્ટ્રેશન ફી ભરી પોતાનાં નામો નોંધાવવા અને કાર્યક્રમો, રમતગમત માટે અંકલેશ્વર એકમને પુરતો સહકાર આપી કાર્યક્રમને સફળ બનાવવા આપ સૌને વિનંતી કરું છું.

મનિષભાઇ એમ. પંચોલી
પ્રમુખ - શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ

નવસારીનાં શ્રીમતી રમીલાબેન મિસ્ત્રીએ સ્વિમીંગ ફેડરેશન ઓફ ઇન્ડિયા દ્વારા રાજકોટ ખાતે દશમી નેશનલ માસ્ટર એથ્લેટિક સ્પર્ધામાં ભાગ લઇ ૧૦૦ મીટર ફ્રી સ્ટાઇલ અને બટરફલાઇમાં ત્રીજો ક્રમ મેળવી બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરી સમાજનું નામ રોશન કર્યુ છે તથા અને હવે ઇન્ટરનેશનલ માસ્ટર સ્વીમીંગ સ્પર્ધા માટે કેનેડા જનાર છે. જે બદલ હું તેમને હાર્દિક અભિનંદન આપું છું. અને આ ક્ષેત્રમાં હજી વધુ ને વધુ પ્રગતિ કરે એ માટે પ્રભુને પ્રાર્થના કરૂ છું.

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ આયોજિત વિધવા-નિરાધાર બહેનો અને ભાઇઓ જે શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ અને વિધવા સહાય યુ.કે. દ્વારા સહાય મેળવે છે તેઓશ્રીને માટે એક ધાર્મિક પ્રવાસ વિના મુલ્યે તા. ૦૯-૦૨-૨૦૧૪ થી તા. ૧૧-૦૨-૨૦૧૪ દિન-૩ અને રાત્રી-૨ નાં સમય દરમ્યાન અક્ષરધામ-ગાંધીનગર, મહુડી, અંબાજી, ખેડ બ્રહ્મા તથા ડાકોરનાં પ્રવાસનું આયોજન કરવામાં આવેલ છે જેની સંપૂર્ણ વિગતો નવયુગમાં પ્રસિધ્ધ કરવામાં આવેલ છે સહાય મેળવતાં વિધવા-નિરાધાર ભાઇ બહેનોને પ્રવાસમાં જોડાવવા માટે હાર્દિક આમંત્રણ છે. આ માટેના નામો તા. ૧૫-૧૨-૨૦૧૩ સુધીમાં નોંધાવશો આ પ્રવાસનાં આયોજન માટે યુ.કે. નાં આપણા કેટલાક પંચોલી ભાઇઓનો સહયોગ પ્રાપ્ત થયેલ છે જે દરેક ભાઇઓનો હું સમાજ વતી હાર્દિક આભાર વ્યકત કરૂ છું અને ભવિષ્યમાં પણ આપ સૌ સમાજ સેવાના કાર્યો માટે હંમેશા તત્પર રહેશો તેવી આશા વ્યકત કરૂ છું. ફરી આપ સૌ મિત્રોનો હાર્દિક આભાર.

ગુલાબી ઠંડીનો આનંદ માણતા આપણે સૌ અંકલેશ્વર મુકામે તા. ૦૫-૦૧-૨૦૧૪ નાં રોજ મળીશુ.. અસ્તુ.

## સુવિચાર

સાચો સંબંધ વરસાદ જેવો નથી હોતો,
કે આવે ને જતો રહે..
સાચો સંબંધ તો પવન જેવો હોય છે...
જે દેખાતો નથી, પણ
હંમેશા તમારી પાસે જ રહે છે...

## શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ આયોજીત
## ખેલ મહાકુંભ - આકાંક્ષા-૨ - સ્વયં શુભારંભ
## ગોલ્ડન જયુબીલી સન્માન સમારંભ તથા
## અંકલેશ્વર એકમ સીલ્વર જયુબીલી મહોત્સવ
## સંચાલક : શ્રી પંચોલી સેવા સમાજ-અંકલેશ્વર

પંચોલી ખેલ મહાકુંભ

અંકલેશ્વર એકમને પુનઃજીવન પ્રાપ્ત થયાને ૨૫ વર્ષ પૂર્ણ થઇ રહ્યાં છે ત્યારે અંકલેશ્વર એકમના જ્ઞાતિજનો અને યુવાનોની આકાંક્ષા પુરી કરવા યોજી રહ્યા છીએ

# આકાંક્ષા-II

**સમય : તા. ૦૫.૦૧.૨૦૧૪ - રવિવાર, સવારે ૮.૩૦ કલાક થી સાજે ૫.૦૦ કલાક સુધી**
**સ્થળ : ડાયમંડ થીયેટર, ડી. એ. આનંદપુરા કોમ્પલેક્ષ ગટ્ટુ સ્કૂલની બાજુમાં, જી.આઈ.ડી.સી. અંકલેશ્વર-૨**

**પંચોલી ખેલ મહાકુંભ** : નીચે મુજબની વિવિધ રમતો માટે આપની એન્ટ્રી અવશ્ય મોકલો.... જેમાં દરેક સ્પર્ધામાં ૧૫ થી ૪૦ વર્ષના યુવક-યુવતીઓ ભાગ લઇ શકશે. અને ઉમર અને સંખ્યા પ્રમાણે ગ્રુપ બનાવવામાં આવશે...

**ગ્રુપ - A** : (૧) ચેસ (૨) કેરમ (૩) ટેબલ ટેનીસ (૪) બેડમીન્ટન (દરેક સ્પર્ધા સીંગલમાં યોજાશે)

**ગ્રુપ - B** : ૨૦૦, ૪૦૦ મીટર દોડ, કપલદોડ, દડા ફેંક, સ્લો સાયકલ, બેલેન્સ દોડ, ઘડા દોડ, ભાલા ફેંક

**નોંધ :** ◈ દરેક વ્યકિત **A** ગ્રુપમાં બે સ્પર્ધામાં તથા **B** ગ્રુપમાં ૩ સ્પર્ધામાં ભાગ લઇ શકશે. ◈ બે સ્પર્ધા સાથે ચાલુ હશે તો એકમાં તે ગેરહાજર ગણાશે. ◈ દરેક સ્પર્ધામાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ઇનામ અપાશે.

## આકાંક્ષા-II ના અડપલાં :

અંકલેશ્વરમાં યોજાયેલ આકાંક્ષા-I પ્રોગ્રામને હજુ યુવક યુવતીઓ યાદ કરે છે. વિવિધ પ્રોગ્રામો, મનોરંજન, જ્ઞાન-ગમ્મત સભર નીચે મુજબના પ્રોગ્રામો નું આયોજન કરેલ છે.

(૧) **કરાઓકે**
(૨) **ટેલેન્ટ સર્ચ** (કોઇ પણ પ્રકારની તમારી ટેલેન્ટ રજુ કરી શકશો-૯૦ સેકંડમાં.
(૩) **પંચોલી ડ્રામેબાજ :** મીમીક્રી, મોનો એકટીંગ ડાયલોગ, અભિનય વિગેરે..... (૯૦ સેકન્ડ)
(૪) **સુડોકુ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા,**
(૫) **સ....ર....પ્રા....ઈ.....ઝ** : ૫ અપરણિત યુવકોના ૪ ગ્રુપ વચ્ચે સ્પર્ધા શાની....? કેવી .....? કઇ રીતે.....? સર...પ્રા...ઇઝ
(૬) **ડીબેટ :** (૧) કૌન બનેગા PM રાહુલ/નમો
(૨) ઇન્ટરનેટના ફાયદા-ગેરફાયદા
(૭) **ડ્રેસ સ્પર્ધા** : થીમ
(૧) STATUE (૨) ડરના મના હૈ (૩) ટવીન
(૪) ફયુઝન
(૮) **ફકત સ્વયં મેમ્બર્સો માટે.....૧૦ મિનિટ**

આ ઉપરાંત અંકલેશ્વર એકમનો સીલ્વર જયુબીલી પ્રોગ્રામ મહામંડળ ગોલ્ડન જયુબીલી સત્કાર સમારંભ સ્વયં ગ્રુપનો લોગો રીલીઝ થશે... અને સાથે સાથે વિવિધ પ્રોગ્રામો પણ ખરા !!

ડાયમંડ એ.સી.હોલમાં સીટીંગ વ્યવસ્થા મર્યાદિત હોય વહેલા તે પહેલાના ધોરણે રજીસ્ટ્રેશન-એન્ટ્રી સ્વીકારવામાં આવશે....

**એન્ટ્રી રજીસ્ટ્રેશન : ૧૫ ડિસેમ્બર ૨૦૧૩ પહેલાં**
**રજીસ્ટ્રેશન : તા. ૧૫ ડિસેમ્બર-૨૦૧૩ પહેલાં**
**રજીસ્ટ્રેશન ફી રૂા. ૧૦૦/-**
**એન્ટ્રી અને રજીસ્ટ્રેશન - પ્રશાંત સી. પંચોલી**
**ટવીન્સ ટેલર-માર્કન્ડેશ્વર મંદિર સામે,**
**ચૌટાબજાર, અંકલેશ્વર-૩૯૩ ૦૦૧**
**મો. ૯૩૭૪૬ ૦૯૦૯૫**

# એકમના પ્રમુખ/મંત્રી જોગ

દરેક એકમના તથા દરેક મહિલા મંડળના પ્રમુખ મંત્રીને જણાવવાનું પંચોલી ખેલ મહાકુંભ અને આકાક્ષા-II માં પધારવાનું હાર્દિક આમંત્રણ છે...

નોંધ : આમંત્રણ પત્રિકા ન મોકલવાના હોવાથી આ નોંધને આમંત્રણ સમજી જરૂરથી પધારશો...... હાજર રહેનાર દરેક પ્રમુખ-મંત્રીએ પોતાનું રજીસ્ટ્રેશન આપેલ સમય મર્યાદામાં કરવાવવાનું રહેશે...


દરેક એકમના પ્રમુખ/મંત્રીને વિનંતી કે આપના એકમમાં સ્ટેટ, નેશનલ અને ઈન્ટરનેશનલ ખાતે વિશિષ્ટ સિદ્દિઓ મેળવાર યુવક-યુવતિઓનું બહુમાન કરવાનું હોય તા. ૨૦.૧૨.૨૦૧૩ સુધીમાં નામ, ફોટો અને સર્ટીફિકેટ રજુ કરી જાણ કરવા વિનંતી....

દરેક એકમના પ્રમુખ/મંત્રીને વિનંતી કે આપના એકમના ૧૫ થી ૪૦ વર્ષના યુવાનોને પ્રોત્સાહિત કરી આ કાર્યક્રમમાં ભાગ લેવા અને કાર્યક્રમને સફળ બનાવવા વિનંતી સહ હાર્દિક આમંત્રણ છે....

**નિમંત્રક**

શ્રી મનિષભાઈ એમ. પંચોલી - પ્રમુખ
શ્રી ચંદ્રકાંત જે. પંચોલી - મહામંત્રી
શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ

શ્રી પ્રશાંતકુમાર સી. પંચોલી - પ્રમુખ
શ્રી પરેશકુમાર એ. મિસ્ત્રી - મંત્રી
શ્રી પંચોલી સેવા સમાજ અંકલેશ્વર



શ્રીમતિ રમીલાબેન બકુલભાઈ મિસ્ત્રી

# આપણું ગૌરવ

નવસારી નિવાસી શ્રી બકુલભાઇ હિંમતભાઇ મિસ્ત્રીના ધર્મપત્ની **શ્રીમતિ રમીલાબેન બકુલભાઈ મિસ્ત્રી** રાજકોટ ખાતે યોજાયેલ સ્વીમીંગ ફેડરેશન ઓફ ઇન્ડિયા દ્વારા દશમી નેશનલ ઓકવાર્ટીક સ્વિમીંગ સ્પર્ધામાં ભાગ લઇ ૧૦૦ મીટર ફ્રી સ્ટાઇલ અને ૧૦૦ મીટર બટરફલાઇ સ્પર્ધામાં ત્રીજો ક્રમ મેળવી બ્રોન્ઝ મેડલ મેળવી ઇન્ટરનેશનલ માસ્ટર સ્વિમીંગ સ્પર્ધામાં કેનેડા જા માટે પસંદગી પામ્યા છે. નવસારી જિલ્લામાં સ્વિમીંગ સ્પર્ધામાં સૌ પ્રથમવાર નેશનલ કક્ષાનો એવોર્ડ મેળવનાર શ્રીમતિ રમીલાબેનને નવસારી નગરપાલિકાના પ્રમુખ શ્રીમતિ હેમલતાબેન તથા રમતગમતના ક્ષેત્રના માહિર ટાટા સ્કૂલના આચાર્ય બોમી જાગીરદાર તથા તરણકુંડના સંચાલકોએ હાર્દિક શુભેચ્છાઓ પાઠવી છે. શ્રીમતિ રમીલાબેને તેમનું, નવસારી પંચોલી સમાજનું તથા સમગ્ર પંચોલી સમાજનું ગૌરવ વધાર્યુ છે.. એ બદલ સમગ્ર પંચોલી સમાજ અભિનંદન સહ ઉત્તરોત્તર પ્રગતિ માટે

# જીવન જીવવાની કળા.....

શ્રી સુરેશભાઇ જી. પંચોલી

એક નવુ વર્ષ ગયુ અને હવે બીજુ નવુ વર્ષ આવશે..આથી વિતેલા વર્ષ કરતા આવનારું વર્ષ સુંદર રહે એ માટે આર્ટ ઓફ લિવિંગના શ્રીશ્રી રવિશંકરજીએ પચ્ચીસ પગથિયા અહીં આપ્યા છે. એ મુજબ જીવવાનું છે, આપણે આવનારા નવા વર્ષથી..... તમે અહીં ઉદાસ રહેવા નથી આવ્યા....

તમે કોઇના દોષો કાઢવા નથી આવ્યા....
તમે અહીં બિચારા બની રહેવા નથી આવ્યા...
તમે અહીં ચિંતા કરવા નથી આવ્યા...
તમે અહીં દેખાડો કરવા નથી આવ્યા...

આ જિંદગી કુદરતની દેન છે... અને નિર્દોષતાથી જીવવાની છે.....આ રહ્યા.....પચ્ચીસ પગલાં...

**૧. જીવનનો સંદર્ભ સમજો**...લાખો વર્ષની આ જિંદગીમાં આપણી જિંદગી ક્ષણભંગુર છે. આથી આ નિર્ણય કરો... જે કંઇ પણ થાય ઇશ્વરનું રક્ષણ મારા પર છે જ...ગમે એવી પરિસ્થિતિમાં મનને શાંતિપૂર્ણ રાખો...બાકીનું બધુ બરાબર થઇ રહેશે....

**૨. જિંદગીની ક્ષણભંગૂરતાને ઓળખો**...જિંદગીની પ્રકૃતિને ઓળખો તો જણાશે કે તમારી ભીતર કશુંક છે જે બદલાયુ નથી. એક એવું બિંદુ છે જેના સંદર્ભે તમે અન્ય બાબતને બદલાતી જોઇ શકો છે. એ બિંદુ જ જીવનનો સ્ત્રોત છે. શાણપણ છે... એનાથી ગુણવત્તા સુધરે છે.

**૩. તમારા સ્મિતને સસ્તુ બનાવો**... હશે તેનું ઘર વશે...દરરોજ સવારે ઉઠીને અરિસામાં જોઇ એક સરસ મઝાનું સ્મિત આપો... ચહેરાના સ્નાયુઓ રીલેક્ષ થઇ જશે. મગજના જ્ઞાનતંતુ હળવાશ અનુભવશે. આટલું કિંમતી સ્મિત તમે કેટલી સહેલાઇથી ગુમાવી દો છો. તમારા સ્મિતને સસ્તુ અને ગુસ્સાને મોઘોં બનાવો...જેથી તમે સ્મિત વધુ અને ગુસ્સો ભાગ્યે જ વાપરશો.

**૪. ઉત્સાહી બનો-અન્યની પ્રશંસા કરો.** : ઉત્સાહ જિંદગીની પ્રકૃતિ છે. પરંતુ ઘણાંને કોઇના ઉત્સાહ પર પાણી રેડવાની આદત હોય છે. કોઇની પ્રશંસા કરીને ઉત્સાહ વધારવાની તક ઝડપી લો. તમે એવી વ્યકિત બનો જેનો ઉત્સાહ કદી ખુટે જ નહીં..

**૫. ધ્યાનને જિંદગીનો હિસ્સો બનાવો..** : જીવનમાં ઉંચા લક્ષ્યો પામવા માટે રોજ થોડી મિનિટો ધ્યાન અને અંતરખોજ જરૂરી છે. ધ્યાન શું છે ? ધ્યાન એટલે વર્તમાનની ક્ષણનો સ્વિકાર કરી પ્રત્યેક ક્ષણને ઉંડાણ પૂર્વક પુરેપુરી જીવવી. બસ આટલી જ સમજ સાથે રોજ ધ્યાનની પ્રેકટીશ કરો પછી જુઓ જિંદગીની ગુણવત્તા કેવી બદલાય છે.

**૬. સૌથી સુંદર જગ્યાએ જાઓ..** : આ સુંદર જગ્યા બીજે કયાંય નહીં તમારી ભીતર જ છે ! આ સુંદર જગ્યાએ પહોંચવા તમારે શ્વાસ માટે જાણવું અનિવાર્ય છે. શ્વાસ પાસેથી ખૂબ જ અગત્યનો પાઠ શીખવાનો છે. મનના પ્રત્યેક લયને અનુરૂપ એક લય શ્વાસનો હોય છે. શ્વાસના પ્રત્યેક લયને અનુરૂપ એક લાગણીનો લય હોય છે. તમે મનને સીધી રીતે હેન્ડલ ન કરી શકો ત્યારે શ્વાસ થકી તેને હેન્ડલ કરી શકાશે. શ્વાસની કળા શીખો. દર વર્ષે તમારી જાતને પ્રકૃતિ સાથે જોડો. સુર્યોદય સાથે ઉઠો, કસરત કરો, યોગ્ય ખોરાક લો, યોગ અને શ્વાસોશ્વાસની કસરત કરો.ગીત ગાઓ અને સર્જનના સૌદર્યને પીતા પીતા મૌન માણો..

**૭ અસરકારક સંવાદ રચો.** : દરેક સાથે અસરકારક પ્રત્યાયન કરવાની આવડત કેળવો. તમારાથી વધુ જાણકાર વ્યકિતને મળો ત્યારે બાળક જેવા બની શીખવા માટે તમારા આંખ-કાન ખુલ્લા રાખો. તમારાથી ઓછું જાણનાર વ્યકિત સાથે નમ્ર બનો.એણે પર તમારા જેટલું કે તમારાથી વધુ જાણકાર બનાવવા પ્રયાસ કરો. હંમેશા કંઇક વહેંચવાનું, શીખવાનું અને શીખવવાનું હોય છે... આમ તમારું પ્રત્યાયન સુધરે અને તમારી જિંદગી સુધરે.

**૮. તમારા માટે સમય કાઢો** : દિવસમાં કમસે કમ થોડી મિનીટો તમારી જાત સાથે ગાળો. હૃદયના ઉંડાણ સુધી જાઓ. આંખ બંધ રાખો અને દુનિયાને ફગાવી દો.

**૯. તમારી આસપાસ ની દુનિયાને બહેતર બનાવો.** : નદી જયારે સામાન્ય હોય છે ત્યારે નિયંત્રણ સ્વરૂપે વહે છે.. પણ પુર વખતે તેની કોઇ દિશા નથી હોતી...તેવી જ રીતે જિંદગીને દિશા આપવાની જરૂર છે. જીવન ઉર્જાને નિયત દિશામાંવહેવા માટે નિષ્ઠાની જરૂર છે. સમાજ પ્રત્યે આવી નિષ્ઠા કેળવો તો સમાજનો સાથ મળશે, સમાજ જ નહીં સમગ્ર દુનિયાને બહેતર સ્થાન બનાવવાની નિષ્ઠા કેળવો.

**૧૦. તમારી સંવેદનાને પોષો** : સંવેદના કે લાગણી વિહોણા માણસ સુકા લાકડા જેવા હોય છે. તમારું જીવન એવુ રસમય બનાવો કે લોકો તમારી કંપની ઝંખે, સંગીત, પ્રાર્થના અને સેવાથી તમારી જાતને એવી વ્યકિત બનાવી શકો. આ દુનિયાને શું આપી શકું તેમ વિચારો.. દિલથી ગાશો કે પ્રાર્થના કરશો ત્યારે તમારી લાગણી વધુ પુષ્ટ બનશે..

**૧૧. ટૂંકા અને લાંબા ગાળાના લક્ષ્યનું આયોજન કરો** : તમારું

મન ભૂતકાળ અને ભવિષ્ય વચ્ચે ભિંસાયા કરે છે. કાં તે ભૂતકાળમાં બનેલી ઘટના અંગે ક્રોધિત કે ઉદાસ રહે છે.કાં ભવિષ્યની ચિંતાથી ઘેરાયેલો રહે છે. આનો અર્થ એ નથી કે ભવિષ્ય માટે આયોજન ન કરવું ટુંકાગાળા અને લાંબાગાળાના લક્ષ્યોનું આયોજન કરો. તમારા મનને વર્તમામાં રાખો અને લક્ષ્ય સુધી પહોંચવાના સાધનો અને પધ્ધતિ બન્નેનું આયોજન કરો. મહત્તમ સંતોષ આપે એવી ચીજોનું લક્ષ્ય લાંબાગાળાનું રાખો આથી નાની નાની વસ્તુઓ આપો આપ સુલભ થઇ જશે...

**૧૨. પ્રાર્થના મહત્વનું શસ્ત્ર :** જિંદગીને બહેતર બનાવવાનું એક શસ્ત્ર પ્રાર્થના છે. પ્રાર્થના બે સ્થિતિમાં થાય છે. એકદમ લાચાર બનો ત્યારે અને ભગવાન પ્રત્યે આભારવશ થાઓ ત્યારે.. તમારાથી શક્ય હોય એટલું કરો અને તમારાથી ન થાય તેવું હોય તે માટે પ્રાર્થના કરો. હંમેશા યાદ રાખો અંતિમ અવાજ ઉપરી સત્તાનો જ રહેશે અને એ હંમેશા સારા માટે જ હશે...

**૧૩. પરિવર્તન કરો :** જિંદગીમાં વિવેક બુધ્ધિ પર પડદો પડે છે ત્યારે દુઃખ આવે છે. જીવનમાં સઘળુ પરિવર્તનશીલ છે એ જાણવું વિવેક છે. જીવન સુધારવા માટે પરિવર્તનનો અમલ કરવાની જરૂર લાગે ત્યારે એ કરવાની હિંમત દાખવો.

**૧૪. તમારી મર્યાદાઓને ઓળખો :** તમે જ્યારે જ્યારે નારાજ હો કે લાચાર હો છો ત્યારે તમારી મર્યાદાનો પરિચય થાય છે. ત્યારે મર્યાદાનો પરિચય કરાવવા બદલ ઇશ્વરનો આભાર માની સમગ્ર સ્થિતિને પ્રાર્થનામાં બદલી નાંખો અને ઇશ્વરને કહો કે હું બધુ તને સમર્પિત કરી દઉં છું. તું શાંતિ આપજે.. તમે હળવા થઇ જશો..

**૧૫. તમારા મિત્રોને ગુમાવો નહીં :** જીવનમાં ભુલો બધાની થતી હોય છે. ભુલો બતાવવાની ભુલ ન કરતાં. એનાથી તેને તમે વધુ અપરાધ ભાવનાનો અનુભવ કરાવશો. ઉદાર દિલ માનવ એમ કરવાને બદલે એ ભુલોને અનુકંપા અને કાળજીથી સુધારે છે..

**૧૬ સંપૂર્ણતાનો આગ્રહ ન રાખો :** દુનિયામાં દરેક વખતે દરેક વસ્તુ , સંપૂર્ણ ન હોઇ શકે. ઉદ્દાત હેતુઓથી થયેલા ઉત્તમ કાર્યોમાં પણ ક્યાંક અપૂર્ણતા રહી જવા પામે છે. એ સ્વાભાવિક છે. કમનસીબે આપણાં મનને સંપૂર્ણતા પકડીને બેસી જવાની ટેવ હોય છે. આ પ્રક્રિયા આપણાં મન અને મિજાજને અપૂર્ણ બનાવીએ છીએ. આ ચક્રમાંથી બહાર નીકળીએ.

**૧૭. આપણે મશીન ન બનીએ :** આપણે ઘણીવાર મશીનની જેમ વર્તીએ છીએ.કોઇ વખાણ કરે તો સ્મિત આપીએ, કોઇ અપમાન કરે તો ભવાં ચડાવીએ. જુદી રીતે પ્રતિસાદ આપવાની આપણને છુટ હોવી જોઇએ.

**૧૮. રમુજવૃત્તિ કેળવો :** દરેક વ્યકિતને બાળસહજ તોફાનીપણું ઇશ્વરે આપ્યું છે એને જીવંત રાખો. રમુજ આકરી સ્થિતિને હળવી બનાવે છે. રમુજ તમને અપમાનથી બચાવે છે. અપમાન અને અવહેલનાથી ભરેલી આ દુનિયામાં રમુજ એક તાજી હવાના સ્પર્શ જેવી છે.

**૧૯. ભૂલ થવાનો ડર ન રાખો :** ભૂલ થઇ ગઇ છે તેનું ભાન તમે નિર્દોષ હો ત્યારે જ થાય છે. કોઇ ભૂલ થઇ હોય તો પોતાની જાતને પાપી ન ગણો ભૂલો કરવાનો ડર ના રાખો, પણ હા એક ને એક ભૂલ ફરી ન કરો.

**૨૦ તમારા પૂર્વગ્રહોને અતિક્રમી જાઓ :** તમારા પૂર્વગ્રહો તમને આસપાસના લોકો સાથે એકરસ થવા દેતા નથી. કોઇની સાથે પણ પૂર્વગ્રહ ન રાખો.

**૨૧. ઇશ્વરના આશીર્વાદનો અનુભવ કરો. :** જીવનમાં કોઇ નિષ્ફળતા છે જ નહીં. બધી નિષ્ફળતાઓ વધુ મોટી સફળતાની તરફ લઇ જતી સીડી છે. જયારે અવરોધો અસહ્ય લાગે ત્યારે અંતરના ઉંડાણથી કરેલી પ્રાર્થના ચમત્કાર સર્જે છે. ઇશ્વરના મને આર્શીવાદ છે એવી લાગણી તમને કોઇપણ નિષ્ફળતામાંથી બહાર આવવામાં મદદ કરશે.

**૨૨. સદ્‌વર્તન કરતાં રહો.. :** તમે સદ્‌વર્તન કરો છો ત્યારે તમારી ખરી પ્રકૃત્તિ પ્રગટ થાય છે.સહજભાવે આવા સત્કૃત્યો કરો..

**૨૩. હંમેશા વિદ્યાર્થી રહો..:** તમે હંમેશા વિદ્યાથી રહો. જ્ઞાન કોઇપણ ખૂણામાંથી આવી શકે છે. જીવનમાં દરેક વ્યકિત અને પ્રસંગો આપણને કાંઇકને કાંઇક શીખવે છે દુનિયા આપણી ગુરૂ છે હંમેશા શીખતા રહેવાની વૃત્તિ રાખો.

**૨૪. અશક્ય સાધવાનું સ્વપ્નુ જુઓ..:**તમારી પાસે સપનું હશે તો સાકાર કરી શકશો. અશકય લાગે તે સાધવાનું સ્વપ્ન જુઓ. સહુ આ દુનિયામાં કંઇક અનોખુ કરવા આવ્યા છે. આ તક સરકી ન જવા દઇ સાકાર કરવાની હિંમત કેળવો.

૨૫. તમારા દેખાવની તુલના કરો : આવતુ દરેક વર્ષ તમને શાણા થવાનો અવકાશ આપે છે. ભૂતકાળમાંથી શીખવા જેવું શીખો અને ભુલવા જેવું ભુલી આગળ વધો. ગરીબ માણસ વર્ષમાં એકવાર અને અમીર માણસ દરરોજ નવુ વર્ષ ઉજવે. તમે કેટલા સમૃદ્ધ છો તે નવુ વર્ષ ઉજવતા ઉજવતા એક નજર કરજો. વર્ષ તથા આગલા વર્ષની તુલના કરો આ તમારું હોમ વર્ક છે. હૃદય હંમેશા જુની અને મન હંમેશા નવી વાતો ઝંખે છે...ઉપરોક્ત કળા જીવન જીવવામાં સફળતા અપાવશે....

# ઉઠો..જાગો....અને

નટુભાઇ પંચોલી જબુગામ

'ઉઠો..જાગો અને ધ્યેય પ્રાપ્ત ન થાય ત્યાં સુધી મંડ્યા રહો' શ્રી સ્વામિવિવેકાનંદ આ સુત્રને સાર્થક કરવા આપણાં માર્ગમાં સો અડચણો આવે છતાં અડગ રહીને ધ્યેયને પામવા મહેનત કરીએ... અભ્યાસમા અઘરા લાગતા દાખલા કે જટિલ પ્રશ્નોને કારણે પોતાના સ્વપ્નની કેરીયરને બાય-બાય ન કહેતાં એ સમયે અઘરા દાખલા કે જટિલ પ્રશ્નોને સોલ્વ કરીએ.. કોઇની મદદ માંગીએ પણ ધ્યેય ન છોડીએ.. જે કારકિર્દી માટે લક્ષ્ય નિશ્ચત કર્યુ હોય એ પાછળની મહેનતથી પોતાને સંતોષ થવો જોઇએ. કહેવાનો અર્થ એ છે કે આપણે જે બનવા ઈચ્છતા હોઇએ એ પાછળ પૂરેપુરી તૈયારી કરીએ.. ધ્યેય સિદ્ધ માટે શું કરવું પડે ? એ વિચારીએ અને તેની ઉપર અમલ કરીએ. યોજનાબધ્ધ રીતે આગળ વધવાથી જિંદગીના કોઇપણ જંગમાં જીત મળે જ છે.

ધ્યેય પ્રાપ્ત કરવા સતત મથીએ. મહેનત કરીએ. પોતાના પ્રત્યેક કાર્ય પર વિચાર કરીએ. ધ્યેય, લક્ષ્ય જેવા ભારે ભરખમ લાગતા શબ્દો વાસ્તવિકતામાં આપણી કારકિર્દીને સરળતાથી સફળ બનાવે છે. વિચારીને પોતાનું લક્ષ્ય બનાવીએ. ધ્યેય નકકી કર્યા પછી, ધ્યેય સિધ્ધ કરવા અડગ રહીએ..

જીવનમાં દરેક વ્યકિતએ કાંઇક કરવું પડે છે, બનવું પડે છે અને કાંઇક બનવા માટે મહેનત કરવી પડે છે. સમયનો ભોગ આપવો પડે છે. ભણ્યા વગર ભૂખમરાથી ભરેલા જીવનમાં પ્રેમ ખોવાય જાય છે. પછી ઝઘડા શરૂ થાય છે. અને ઘણાંના જીવન નંદવાય જાય છે. સફળતા હાંસલ કરવા માટે કઠોર તપસ્યા કરવી પડે છે. આપણે એ તપસ્યા વનમાં જઇને નહી, પરંતુ સ્કૂલ કે કોલેજમાં પરિશ્રમપૂર્વક નિયમિત અભ્યાસ કરીને કરવાની છે.

ઇશ્વરને પ્રાર્થના કરીએ કે હે પ્રભુ ! અમને અમારા અત્યંત કિંમતી જીવનકાળ (સમય)ની પ્રત્યેક ક્ષણની કિંમતનું ભાન કરાવો તથા આ સમયના નાના નાના ભાગોનો સદ્‌ઉપયોગ કરીએ એવું સામર્થ્ય અમને પ્રદાન કરો. જેનાથી પશ્ચાતાપ રૂપી દુઃખથી બચીને સર્વદા આનંદમાં રહીએ....

# પરમકૃપાળુ.....પરમાત્મા

વહેલી સવારે હું સૂર્યને ઉગતો જોઉં છું. ત્યારે તેમાં મને તારો ચહેરો દેખાય છે. અંધારી રાતે ઝબકી ઉઠતા તારાઓમાં હું તારા જ પ્રેમથી ચમકતા નૈત્ર નિહાળું છું. પૂનમની રાતે દેદીપ્યમાન ચંદ્રમામાં હું તારી જ છાયા જોઉં છું. સાગરના ઘૂઘવાટમાં હું તારો સંદેશો સાંભળું છું.. ઝરમર વરસતાં વરસાદમાં હું તારું જ મધુર સંગીત સાંભળું છું....

લીલા તરણાં અને રૂપેરી ઝરણાં, તારું હાસ્ય ઝીલવાને લીધે જ આટલા કોમળ અને સુમધુર છે. ફુલોના રંગ, વૃક્ષોની ઘટા, પંખીના ટહુકાર અને વસંતની શોભામાં મને તારી અનંત લીલાનાં દર્શન થાય છે.

ભવ્ય હિમાદ્રી શીખરો અને ધૂળના નાનામાં નાના રજકણમાં તું જ વલસી રહ્યો છે. સમગ્ર વિશ્વમાં તું જ વ્યાપક છે અને પ્રત્યેક દિશાઓમાં, અણું એ અણુંઓમાં અહર્નિશ તારા જ દર્શન થાય છે. ને તારા દર્શનથી જીવનમા ધન્યતા અનુભવે છે તે ભાગ્યશાળી છે. અને જે તને નિહાળવા છતાંયે તને અનુભવી શકતા નથી તે છતી આંખે અંધ સમાન છે. પ્રભુ તારી લીલા અપરંપાર છે.... હરીશભાઇ સી. પંચોલી-અંધેરી

# અનુકરણિય

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સંચાલિત તબીબી સેવા સંકુલમાં મુંબઇના શ્રી જતીનભાઇ નગીનલાલ મિસ્ત્રી તરફથી રૂા. ૧૦૦૦/- મેડીકલ સહાય માટે મળ્યા છે...
દાતાનો ખૂબ ખૂબ આભાર...

ડૉ. વિસ્મય એમ. મિસ્ત્રી-પ્રમુખ
શ્રીમતિ શોભાબેન કે. મિસ્ત્રી-મંત્રી

# દિપોત્સવી શુભેચ્છા ભેટ

રૂા. ૧૦૦/- શ્રીમતિ બીનાબેન ભરતભાઇ પંચોલી-બીલીમોરા
રૂા. ૧૦૦/- શ્રીમતિ સોનલબેન જતીનભાઇ પંચોલી-બીલીમોરા તરફથી દિપોત્સવી શુભેચ્છા ભેટ મળી છે.... આભાર...

જો ધનથી સુખ મળતુ જતુ હોય તો ગૌતમ બુદ્ધને રાજપાટ છોડવાની શી જરૂર હતી ? ? ?
સાચુ સુખ તો ફકત ભજન કરવાથી જ પ્રાપ્ત થશે....
આજનો માણસ પોતાના દુઃખથી નહી પરંતુ બીજાના સુખથી દુઃખી છે....

કનૈયાલાલ આર. પંચોલી-બરકાલ

# Congratulation.......



**Dr. Falguni pancholi**

She completed the B.H.M.S. with practice ..

**Proud Family (U.K.)**

Mr. Kantilal Pancholi. Mrs. Ilaben Pancholi

Mr. Nilesh Pancholi Mrs. Bhavika Pancholi, Krishan, Aryan, Anaya

Mrs. Bhumika Parmar Mr. Sunil Parmar, kayan, Tiana

Mrs. Ramanben H. Pancholi

Dr. Prakash Pancholi Mrs. Jyotika Pancholi, Kishan, Akshay

Mr. Mahendra Pancholi Mrs. Indiraben Pancholi

Mr. Niten Patel Mrs. Sweta Patel, Yuvraj

**Proud Parents**

Late. Mr. Ambelal Pancholi Mrs. Dhanuben Pancholi

Mr. Anil Pancholi (Father) Mrs. Ilaben Pancholi (Mother), Riya, Niki

Mr. Dilip Pancholi Mrs. Saroj Pancholi

**Proud Doctors**

Dr. Jyoti Rao (Principal of C.N.K.),

Dr. Shilpesh Chapaneria (Wockardt Hospital, Surat)

, Dr. Vipul Bhingradia (Wockardt Hospital, Surat),

Dr. Montu Kothari (Mahavir Hospital, Vyara),

Dr. Sejal Kothari (Mahavir Hospital, Vyara)

A-32, Ramkabir Society, Station Road, Vyara, Dist. Tapi. Cell No.: 98983 20929

# શ્રદ્ધાંજલી

ચોથી પૂણ્યતિથિ



**સ્વ. શૈલેષકુમાર રમણભાઈ પંચોલી**
**જન્મ તા. : ૧૯.૧૧.૧૯૬૬**
**અવસાન : ૨૩.૧૨.૨૦૦૯**

દિવસો વિત્યા, મહિનાઓ વિત્યા અને
વર્ષો પણ વીતી ગયા.....
હવે ફક્ત તમારી તસ્વીરો જ રહી....
ફક્ત યાદો જ રહી.......
જિંદગીના અસ્તકાળે
અમો એકલા અટૂલા રહ્યા....
પ્રભુ આપના આત્માને
ચિરઃશાંતિ અર્પે એજ પ્રાર્થના.....

છઠ્ઠી પૂણ્યતિથિ



**સ્વ. વિનોદકુમાર રમણભાઈ પંચોલી**
**જન્મ તા. ૨૨.૮.૭૩**
**અવસાન : ૨.૧૨.૨૦૦૭**
**ત્રીજી પૂણ્યતિથિ**

**અર્પણકતા**

રમણભાઇ હરકીશનદાસ પંચોલી
મંજુલાબેન રમણભાઇ પંચોલી
ગં.સ્વ. સોનલબેન શૈલેષભાઇ પંચોલી
ચિ. ચિંતન શૈલેષકુમાર પંચોલી કુ. જલ્પા શૈલેષકુમાર પંચોલી
ફીટવેલ ટેલર-ગુ.હા.બોર્ડ સામે હસ્તીતળાવ, અંકલેશ્વર

## તેરમી પૂણ્યતિથિ - હૃદયાંજલી



**સ્વ. શાંતિલાલ ગુલાબદાસ મિસ્ત્રી**
**અવસાન : ૨૫.૧૨.૨૦૦૦**

પ્રભુ આપના આત્માને ચિરઃશાંતિ અર્પે
એજ હૃદયાંજલિ

**અર્પણકર્તા**

હેમલકુમાર શાંતિલાલ મિસ્ત્રી
સંધ્યાબેન હેમલકુમાર મિસ્ત્રી
૩/૩૫, ગુજરાત હા. બોર્ડ, હસ્તી તળાવ અંકલેશ્વર-૧
મો. : ૭૬૦૦૯ ૦૬૨૪૦

## નૂતન વર્ષાભિનંદન

આવનારું નૂતન વર્ષ આપ સૌના જીવનમાં
ઉમંગ અને સમૃદ્ધિની છોળો લઈને આવે
એન મા નર્મદામૈયાને
પ્રાર્થના







પંચોલી શકુંતલાબેન ચંદ્રકાંતભાઇ
પંચોલી પરેશભાઇ ચંદ્રકાંતભાઇ
પંચોલી હેતલબેન પરેશભાઇ
પંચોલી શ્રેયસ પરેશભાઇ પંચોલી
પંચોલી ઋષી પરેશભાઇ પંચોલી

કપિલેશ્વર બજાર, મુ.પો. ચાંદોદ, તા. ડભોઇ,
જિ. વડોદરા-૩૯૧ ૧૦૫
મો. ૯૮૭૯૧ ૬૯૫૬૩ / ૭૬૦૦૧ ૧૦૮૧૮

# સંસ્થા સમાચાર......

## શ્રી પંચોલી સમાજ અમદાવાદ

ગુજરાત વિઝીયુઅલ આર્ટીસ્ટ એસોસીએશનના ઉપક્રમે, અમદાવાદના ભીખાભાઇ ગાર્ડન. એલીસબ્રીજ તા. ૯.૯.૨૦૧૩ને શનિવારે સાંજે ૬ કલાકે ગુજરાતના પાંચ લબ્ધ પ્રતિષ્ઠિત ચિત્રકારોના શિલ્પ બસ્ટનું અનાવરણ, ગુજરાતી ફિલ્મના સુપર સ્ટાર શ્રી ઉપેન્દ્ર ત્રિવેદીના વરદ્ હસ્તે થયુ. સમગ્ર સભા ફંકશનું એન્કરીંગ ઉદ્ઘોષક તરીકે સુપ્રસિદ્ધ ચિત્રકાર જય પંચોલીએ, મોટી સંખ્યામાં હાજર કલાકારો સાથે કર્યુ...આ સિદ્ધિ બદલ અભિનંદન

## શ્રી પંચોલી સેવા મંડળ રાજપીપલા

શ્રી પંચોલી સેવા મંડળ રાજપીપલાને જન્મ દિવસ નિમિત્તે નીચે મુજબ દાન મળ્યું.....

| | |
|---|---|
| ૨૦૧ | અ.સૌ. છાયાબેનકિશોરકુમાર પંચોલી |
| ૧૦૧ | શ્રી શૈલેન્દ્રકુમાર ઉમંગભાઇ પંચોલી |
| ૧૦૧ | શ્રી મહેશચંદ્ર ધીરજલાલ પંચોલી |
| ૧૦૧ | ચિ. શિવાંગીની નિલેશકુમાર પંચોલી |
| ૧૦૧ | ચિ. અંજલિ યોગેશભાઇ પંચોલી |
| ૧૦૧ | શ્રી કૃતિકકુમાર શૈલેન્દ્રકુમાર પંચોલી |
| ૧૦૧ | શ્રી હિતેશકુમાર જગદિશકુમારપંચોલી |
| ૫૧ | ચિ. ખૂશ્બુ ગોપાલભાઇ પંચોલી |
| ૫૧ | અ.સૌ. ચારૂલતાબેન યોગેશકુમાર પંચોલી |
| ૫૧ | અ.સૌ. પદમાબેન કંચનભાઇ પંચોલી |

## શ્રી પંચોલી સેવા સમાજ અંકલેશ્વર

શ્રી પંચોલી સેવા સમાજ અંકલેશ્વરની નવા વર્ષનો સ્નેહમિલન સમારંભ તા. ૨૪.૧૧.૨૦૧૩ના રોજ શ્રવણ વિદ્યાભવન ખાતે ૪.૦૦ કલાકે એકમના પ્રમુખશ્રી પ્રશાંતભાઇ ચંદુલાલ મિસ્ત્રીના અધ્યક્ષ સ્થાને મળી.

સૌ પ્રથમ હમ પંચોલી હૈ... સમાજ ગીત વગાડી સમારંભની શરૂઆત કરવામાં આવી. પ્રથમ પ્રમુખશ્રી પ્રશાંતભાઇ પંચોલીએ નૂતન વર્ષની હાર્દિક શુભેચ્છાઓ પાઠવી સર્વેને આવકાર્યા.

ડૉ. મહેશભાઇ મિસ્ત્રીએ અંકલેશ્વર એકમની સુવર્ણ જયંતિ તથા ખેલ મહાકુંભ અને આકાંક્ષા-૨ વિશે વિસ્તૃત માહિતી આપી. તથા ખર્ચાને પહોંચી વળવા યથાશકિત ફાળો આપે તથા સગા સંબંધીને સ્પોન્સર બનાવવા માટે સમજાવ્યું હતું. એકમના દરેક યુવકોને કાર્યક્રમમાં ભાગ લેવા પ્રોત્સાહિત કર્યા હતા. અને તા. ૫મી જાન્યુવારીએ યોજનાર કાર્યક્રમમાં તન-મન અને ધનથી સાથ સહકાર આપવા જાણ કરી હતી. ઉપરોકત જાન્યુવારીના કાર્યક્રમના કન્વીનર તરીકે શ્રી પારસભાઇ મનુભાઇ મિસ્ત્રીની સર્વાનુમતે નિમણૂંક કરવામાં આવી હતી. સ્વયં ગ્રુપ અંકલેશ્વરના સભ્યોને દરેક કાર્યક્રમમાં અને રમતગમતમાં ભાગ લેવા અનુરોધ કર્યો હતો. શ્રી રમણભાઇ હરકીશનભાઇ પંચોલી તરફથી એમના પુત્રો સ્વ. શૈલેષભાઇ અને સ્વ. વિનોદભાઇના સ્મરણાર્થે આકાંક્ષા-૨ માટે રૂા. ૧૦૦૧નું દાન જાહેર કર્યુ હતું.

અંતમાં અલ્પાહારને ન્યાય આપી છુટા પડયા હતા.

### લગ્નજીવનની હાર્દિક શુભેચ્છાઓ



**ચિ. અંકિત - ચિ. પ્રિયંકા**
**લગ્ન તા. ૧.૧૨.૨૦૧૧**

હર્ષદભાઇ પી. પંચોલી — નયનાબેન એચ. પંચોલી
પરેશભાઇ પી. પંચોલી — જ્યોતિબેન પી. પંચોલી
ચિ. ભાવિક પી. પંચોલી
મહેશભાઇ વિ. પંચોલી — દક્ષાબેન એમ. પંચોલી

એફ-૩૦૧, વાડીવાલા કોમ્પલેક્ષ, વ્યારા.
મો. ૯૯૧૩૩ ૭૨૫૪૫/૯૭૧૨૫ ૧૨૩૩૩

# મહિલા સમાચાર

## શ્રી પ્રગતિ મહિલા મંડળ-વ્યારા

પ્રગતિ મહિલા મંડળની નવેમ્બરમાસની મિટીંગ તા. ૧૭.૧૧.૨૦૧૩ના રોજ પંચોલી વાડીમાં મળી. બહેનોને નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવવામાં આવી. જયાબેને પ્રાર્થના ગવડાવી. શ્રીજી ચરણ થયેલ પ્રવિણભાઇ નગીનદાસ પંચોલીને મૌન પાડી શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી.

પ્રગતિ મહિલા મંડળની સભ્ય બહેનોએ નવયુગની જાહેરાત માટે સ્વેચ્છાએ દાન આપ્યું હતું તેમનો આભાર માનવામાં આવ્યો. મહિલા બચત યોજનાના પ્રવાસની ચર્ચા કરવામાં આવી. લગ્નગીત અંતાક્ષરી રમાડવામાં આવી. સમાજની બહેનોનું લગ્નગીતમંડળ બનાવવાની ચર્ચા કરી. ઑકટોબર માસમાં દિવાળી હોવાથી રીમાન્ડ હોમના બાળકોને કપડાં વિતરણ કરવામાં આવ્યા. ડિસેમ્બર માસની મિટીંગ તા. ૧૫.૧૨.૨૦૧૩ના રોજ રાખવાનુ નકકી કર્યુ. નીચે મુજબનું દાન મળ્યુ.

૧૦૧ જયશ્રીબેન સનતભાઇ પંચોલી પુત્રી વૃંદાની બર્થડે નિમિત્તે. ૧૦૧ દિપ્તી હરીનભાઇ ગાંધીની એનીવર્સરી નિમિત્તે. ૫૧ દક્ષાબેન નિતિનભાઇ ગાંધી વર્ષગાંઠ નિમિત્તે. ૫૧ ભાવનાબેન મિતેશભાઇ વર્ષગાંઠ નિમિત્તે...

અલ્પાહારને ન્યાય આપી છુટા પડયા.

## શ્રી પંચોલી ભગીની સમાજ, રાજપીપલા

તા. ૧૯.૧૦.૨૦૧૩ના રોજ અરૂણાબેન પંચોલીને ત્યાં મિટીંગ રાખવામાં આવી હતી. સૌ પ્રથમ પ્રાર્થના કરી મિટીંગની શરૂઆત કરવામાં આવી. આજરોજ આરતી શણગારની સ્પર્ધા હોય બધી બેન સુંદર આરતી ડેકોરેટ કરીને લાવ્યા હતાં. જેના વિજેતા પ્રથમ - પૂર્ણિમાબેન અને દ્વિતીય -પ્રતિભાબેન તૃતિય અનસુયાબેન થયા હતાં મૃત્યુ પામેલ જ્ઞાતિજનોને બે મિનિટ મૌન પાડી શ્રદ્ધાંજલી આપવામાં આવી. આભારવિધિ બાદ અલ્પાહારને ન્યાય આપી છુટા પડયા.

## શ્રી પંચોલી મહિલા મંડળ અંકલેશ્વર

તા. ૫.૧૦.૨૦૧૩ના રોજ દેવ્યાનીબેન નિલેશભાઇ મહેતાને ત્યાં રાખવામાં આવી હતી. મિટીંગની શરૂઆત સમૂહમાં પ્રાર્થનાથી કરવામાં આવી. આજરોજ આરતી ડેકોરેશનની સ્પર્ધા રાખવામાં આવી હતી. જે અડધા કલાકમાં આરતી ડેકોરેટ કરવાની હતી. બધી બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતી. આ સ્પર્ધાના નિર્ણાયક ચેતનાબેન પટેલે સેવા આપી હતી. વિવિધ સજેશનો બાદ વિજેતાની જાહેરાત કરી હતી જેમાં પ્રથમ-દક્ષાબેન દિનેશભાઇ મિસ્ત્રી અને દ્વિતિય કેતકીબેન જેસલભાઇ મિસ્ત્રી વિજેતા થયા હતાં. પ્રમુખશ્રીના વરદ હસ્તે વિજેતાઓને ઇનામ આપી નવાજ્યા હતાં. આ માસમાં આવતી બર્થડે નિમિત્તે દક્ષાબેન, અમિષાબેન ને ગીફટ આપી શુભેચ્છાઓ પાઠવી. વર્ષગાંઠ નિમિત્તે દક્ષાબેન દિનેશભાઇ મિસ્ત્રી તરફથી રૂા. ૫૧/- અને મીનાબેન છગનભાઇ મિસ્ત્રી તરફથી પુત્ર નિમેશના કારખાના ઉદ્‌ઘાટન નિમિત્તે રૂા.૫૧/- ભેટ મળ્યા. અંતમાં દેવ્યાનીબેનનો આભાર વ્યકત કરી અલ્પાહારને ન્યાય આપી છુટા પડયા.

તા. ૧૬.૧૧.૨૦૧૩ના રોજ શાંતાબેન નાથાલાલ મિસ્ત્રીને ત્યાં રાખવામાં આવી હતી. મિટીંગની શરૂઆત સમૂહમાં પ્રાર્થનાથી કરવામાં આવી. શાંતાબેન તરફથી વન મિનિટ ગેમ રમાડવામાં આવી જેના વિજેતા ૫૦ વર્ષથી ઉપરમાં મીરાબેન મહેશભાઇ મિસ્ત્રી અને ૫૦ વર્ષથી નીચેમાં મીનાબેન ચંદુભાઇ વિજેતા થયાં. પ્રમુખશ્રીના વરદ હસ્તે વિજેતાઓને ઇનામ આપી નવાજ્યા હતાં. આ માસમાં આવતી બર્થડે નિમિત્તે મીરાબેન મિસ્ત્રી અને હેતલબેન મિસ્ત્રીને ગીફટ આપી શુભેચ્છાઓ પાઠવી. વર્ષગાંઠ નિમિત્તે મીરાબેન મહેશભાઇ મિસ્ત્રી તરફથી રૂા. ૫૧/- અને હેતલબેન નિમેશભાઇ મિસ્ત્રી તરફથી રૂા.૫૧/- ભેટ મળ્યા.

અગામી મિટીંગ હેતલબેન નિમેશભાઇ મિસ્ત્રીને ત્યાં તા. ૧૦.૧૨.૨૦૧૩ના રોજ રઘુવીર નગર આતે રાખવાનું નકકી કર્યુ. અંતમાં શાંતાબેનનો આભાર વ્યકત કરી અલ્પાહારને ન્યાય આપી છુટા પડયા.

## હેપી બર્થડે....



વ્યારા નિવાસી
શ્રીમતિ આનંદીબેન ભરતભાઈ
પંચોલીની તા. ૨૩.૧૧.૨૦૧૩ના રોજ
૫૦માં વર્ષમાં મંગલ પ્રવેશ કરે છે
નિમિત્તે સમગ્ર પંચોલી સમાજ
હાર્દિક શુભેચ્છાઓ પાઠવે છે.....

## દેવના દીધેલ



વડોદરા નિવાસી પ્રદિપકુમાર શંકરલાલ પંચોલીને ત્યા પુત્રીરત્ન ચિ. ધ્રુવી નો જન્મ તા.૧૨.૯.૨૦૧૩ના રોજ થયો.
માતા : પિનલબેન

## ટીપે ટીપે સરોવર ભરાય

- ₹ ૧૫૧/-વડોદરા (કવાંટ)નિવાસી રાજેશકુમાર ચંદુલાલ પંચોલી તરફથી પુત્ર સ્વ. ઋત્વિકના સ્મરણાર્થે...
- ₹ ૧૫૧/-વ્યારા નિવાસી ગં.સ્વ. કાશ્મીરાબેન પ્રવિણચંદ્ર પંચોલી તરફથી સ્વ. પ્રવિણચંદ્ર નગીનદાસના સ્મરણાર્થે.
- ₹ ૫૧/- ચાંદોદ નિવાસી શ્રી શશીકાંતભાઈ શાંતિલાલ પંચોલી તરફથી નવયુગ પોસ્ટીંગ ભેટ
- ₹ ૧૦૧/-રાજપીપલા નિવાસી શ્રી કૃતિકકુમાર શૈલેન્દ્રકુમાર પંચોલી વર્ષગાંઠ નિમિત્તે

## એક વાર જાવું હરીના ધામમાં



બરકાલ નિવાસી સ્વ. મધુકાન્તાબેન ભીખાલાલ પંચોલી તા. ૧.૦૭.૨૦૧૩ના રોજ હરીના ધામ માં ગયા.



વ્યારા નિવાસી પ્રવિણચંદ્ર નગીનદાસ પંચોલી તા. ૫.૧૧.૧૩ ના રોજ હરીના ધામમાં ગયા.



બીલીમોરા નિવાસી ચક્ષુદાતા પ્રવિણભાઈ ડાહ્યાભાઈ તા. ૨૦.૧૧.૨૦૧૩ના રોજ હરીના ધામમાં ગયા. ઉ.વ. : ૭૧



વ્યારા નિવાસી મનિષાબેન ચંપકલાલ પંચોલી તા. ૨૧.૧૧.૨૦૧૩ના રોજ હરીના ધામમાં ગયા.

## હેપી બર્થડે....



કુંજ દિવ્યેશકુમાર
પંચોલી-રાજપીપલા
તા. ૧૫.૧૧.૨૦૧૧



આર્યન કેયૂરકુમાર
પંચોલી-રાજપીપલા
તા. ૨.૧૧.૨૦૦૯



રૂદ્ર કેયૂરકુમાર
પંચોલી-રાજપીપલા
તા. ૨૩.૧૧.૨૦૧૧



કાવ્ય નિમેશકુમાર
પંચોલી-પાચીજેતપુર
તા. ૨૮.૧૨.૨૦૧૨



અંશ પ્રજ્ઞેશભાઈ
પંચોલી-શિનોર
તા. ૨૨.૧૨.૨૦૧૨



કેયા રાકેશભાઈ
પંચોલી-શિનોર
તા. ૨૭.૧૨.૨૦૧૨

# ભાવ - પ્રતિભાવ

સપ્ટેમ્બર-૧૩નું 'વિધવા સહાય વિશેષાંક' આર્ટીકલ, સંપાદન, લે આઉટ, પ્રિન્ટીંગ દરેક પાસા ગુણવત્તાની દ્દષ્ટિએ શ્રેષ્ઠ... ૪ કલરમાં ૪૦ વર્ષની ઉજવણી, આર્ટ પેપર પર મેટર લેતા આપણાં સૌની, લેસ્ટરના ભાઇને અને બહેનોને લાગણી બતાવી. આટલે દૂર-સુદૂર વસતા છતાં, હૃદયમાં પંચોલી સમાજ અને વિધવા-જરૂરીયાતમંદનો ખ્યાલ હોવો, એજ અદ્દભૂત જોડાણે-દેશ - સમાજનું લેખાય.. દર વર્ષે, ૪૦ વર્ષથી સૂઝ-ખંત અને ચાતુર્ય પૂર્વકનો પ્રયત્ન જરૂર અભિનંદનીય છે. જ... બધા મિત્રો-વડિલોની લાગણી-પ્રેમ એમના વ્યકતવ્ય લખાણમાં હૃદયસ્પર્શી રીતે અવતરતી દેખાઇ... સમગ્ર ટીમને અભિનંદન......

નવયુગ દિપોત્સવી અંક પર વર્ષોની, અનેક ચઢાવ ઉતારની યાત્રા પછી આપણું નવયુગ દિન-પ્રતિદિન સુંદર, રૂપાળું, માહિતીસભર બની રહે...એજ સૌ તંત્રી મિત્રોની અનોખી સિદ્ધિ જ હોય... એમાંય 'દિપોત્સવી અંક' ચાલુ રૂટીન, શીડયુલ્ડ, રોકાણ વચ્ચે પ્રગટ કરવો એ એક ચેલેન્જ છે. વારંવાર ટેલિફોન, પત્રો, ઇ-મેલ અને માધ્યમો દ્વારા જા×ખની ઝૂંબેશ - ટહેલ એ ખરેખર થકવી નાંખતી પ્રક્રિયા જ હોય. દર વર્ષની જેમ જા×ખ થી સમૃદ્ધ પ્રકાશન જોઇને બધો જ થાક ગાયબ. આટઆટલા પ્રયત્નો પછી જા×ખ મળે તે પણ જથ્થામાં, ત્યારે એ આનંદ અવર્ણનીય હોય જ...

સુંદર આકર્ષક હેતુપૂર્ણ ટાયટલ, કોમ્પ્યુટર.. સેટીંગ.. પ્રુફરીડીંગ એમાં તમે સૌ, તમારી ટીમ અણિશુધ્ધ પાર રહી... ખૂબ ખૂબ અભિનંદન...

જય પંચોલી-અમદાવાદ

દિવાળી બાદ જેની સૌ આતુરતાથી રાહ જોવાતી હોય તો તે આપણું લાડીલું 'પંચોલી નવવયુન' પર વર્ષોથી સૌથી સુંદર અને દળદાર અને કલરફુલ નવયુગ હાથમાં આવતા જ મન રોમાંચિત બની જાય છે..આપણાં હૃદયનો સંદેશ દેશ વિદેશમાં ગુજી રહ્યો...પંચોલી નવયુગ દ્વારા... જાહેરાતો આપનાર, જાહેરાતો એકત્ર કરનાર અને તંત્રીશ્રી દિનેશભાઇના અથાગ પ્રયત્નોથી 'દિપોત્સવી અંક-૨૦૧૩'ને ચાર ચાંદ લગાવી દીધા એ બેમત નથી.....

શીલાબેન અશ્વિનભાઇ પંચોલી-વડોદરા

Book Post
Printed Book
પ્રિન્ટેડ બુક

**From :**
**Akshar Printers,** 2/3, Ajit Estate, B/h. Old Dena Bank,
Opp. Dr. Back & Co, GIDC, Ankleshwar-2.

Publisher and Printer **Dineshbhai Mistry** on behalf of **Shri Pancholi Seva Samaj Mahamandal**
**Printed** : **Akshar Printers,** 2/3, Ajit Estate, B/h. Old Dena Bank, Opp. Dr. Back & Co, GIDC, Ankleshwar-393 002. Dist Bharuch.
**Ph. :** 02646 - 252852 **Published** : 302, Subham Residency, Precom Compound, B/h. Rajkamal Arcade, GIDC. Ankleshwar-2
**Editior : Dineshbhai Mohanlal Mistry Ph. : (02646) (R) 291852(O) 252852,**
**Mo. : 98241 71930, 98240 64282. Email : pancholi_navyug@yahoo.com**